રાજ્યના શેરીમાં રહેતા બાળકો(Children in street situation)ને આર્થિક સહાય કરવાની કાર્યપધ્ધતિ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૨૦૨૦૨૦/૧૭૧૮૪૮/પાર્ટ-૧/(૧)/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦/૧૦/૨૦૨૨

વંચાણેલીધા :-

(૧) અત્રેનો તા. /૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૨૦૨૦૨૦/૧૭૧૮૪૮/પાર્ટ-૧/છ

આમુખ :-

ઉક્ત વંચાણે લીધેલ ઠરાવથી શેરીમાં રહેતા બાળકો( Children in street situation) માટેની પોલીસીને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. શેરીમાં રહેતા બાળકોની પ્રથમવાર ઓળખ થાય એટલે શરૂઆતની ઉચ્ચક સહાય તરીકે રૂ.૨૦૦૦/- આપવાની બાબત સદરહુ પોલીસીમાં સમાવિષ્ટ છે. આ અંગેની વિગતવાર કાર્યપધ્ધતી ઘડી કાઢવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે શેરીમાં રહેતા બાળકોની પ્રથમવાર ઓળખ થયા બાદ તેઓને રૂ.૨૦૦૦/-ની સહાય કરવા માટે નીચે મુજબની પધ્ધતી લાગુ કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

(૧) શેરીમાં રહેતા બાળકો(CiSS)ની ઓળખ જે તે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા કરવાનીરહેશે. આવા બાળકોની વિગત બાળસ્વરાજ પોર્ટલ પર નોધવાની રહેશે.

(૨) જે તે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા ઓળખ થયા મુજબના બાળકો હજુ સુધી એ જ વિસ્તારમાં/ સ્થળે ઉપસ્થિતછે કે કેમ તે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા સુનિશ્ચિત કરવાનુ રહેશે. ત્યારબાદ ઓળખ કરેલ બાળકોનું વેરીફીકેશન કરીને આધારકાર્ડઅનેબેંક

એકાઉન્ટની વિગત તાત્કાલીક ધોરણે મેળવી લેવાના રહેશે. જો આવા દસ્તાવેજો તૈયાર ન હોય તો જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા આધાર કાર્ડઅનેબેન્ક એકાઉન્ટ ખોલવાની કાર્યવાહી કલેકટરશ્રીની મદદથી સત્વરે કરવાની રહેશે.

(૩) કલેકટરશ્રીના માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ કેમ્પનુ આયોજન કરી તાત્કાલીકઝુંબેશના ધોરણે શેરીમાં રહેતા બાળકોના આધારકાર્ડ કઢાવવાની અને બેંક એકાઉન્ટ ખોલાવવાની પ્રક્રિયા પુર્ણ કરવાની રહેશે.

(૪) ૧૦ વર્ષથી મોટી ઉંમરના બાળકના કેસમાં બાળકનુ અલગ બેંક ખાતુ ખોલાવીને તેમાં રકમ જમા કરાવવાની રહેશે, જ્યારે ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકોના કેસમાં બાળકના વાલી એકલાના નામેજ બેક ખાતુ ખોલાવીને તેમાં રકમ જમા કરાવાની રહેશે.

(૫) આ સાથે સામેલ ફોર્મમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા સંપૂર્ણ વિગતો ભરીને તે મુજબની વિગતો જીલ્લા કક્ષાની સમિતિમાં રજૂ કરી બાળકને રૂ.૨૦૦૦/- લેખે ચુકવણી અંગેની મંજૂરી મેળવવાની રહેશે. આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| ક્રમ | અધિકારીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જીલ્લા મેજીસ્ટ્રેટ/ કલેકટરશ્રી, | અધ્યક્ષ |
| ૨ | જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય સચિવ |
| ૩ | જીલ્લા બાળ સુરક્ષા અધિકારી | સભ્ય |
| ૪ | બાળ સંભાળ ગૃહના અધિક્ષક | સભ્ય |

(૬)સમિતિની મંજૂરી મળ્યા બાદ જીલ્લા મેજિસ્ટ્રેટશ્રી સહાય મંજૂરીનો હુકમ કરશે. જે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી (જી.એસ.સી.પી.એસ)ને બાળકોની યાદી સાથે મોકલી આપવાનો રહેશે. જી.એસ.સી.પી.એસ દ્વારાજુવેનાઇલ જસ્ટીસ ફંડમાંથી બાળકના બેંક ખાતામાં બાળક દીઠ રૂ.૨,૦૦૦/- જમા કરવામાં આવશે.

(૭) શેરીમાં રહેતા બાળકો જે જીલ્લામાં નોધાયેલા છે તે જીલ્લામાં ના મળી આવે તો જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા તેની શોધખોળ કરવાની રહેશે. ત્યારબાદ પણ જો બાળક મળી ન આવે તો સંપૂર્ણ વિગતો સાથે અન્ય જીલ્લાના બાળ સુરક્ષા અધિકારીઓને જાણ કરવાની રહેશે. જો આ બાળકો અન્ય જિલ્લામાંથી મળી આવે તો જે જિલ્લામાંથી મળી આવે તે જીલ્લાના બાળ સુરક્ષા અધિકારીએ આગળની કાર્યવાહી ઉપર દર્શાવ્યા મુજબ કરવાની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( લીના વાઘેલા)
**ઉપસચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.**

**બિડાણ : ઉપર મુજબ**

પ્રતિ,

- નામ.રાજ્યપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા.)
- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવ, સા.ન્યા. અને અ. વિભાગ
- સર્વે વિભાગો
- નિયામકશ્રી, સમાજસુરક્ષાકચેરી, બ્લોકનં.-૧૬,ડો. જીવરાજમહેતાભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ , બ્લોકનં. ૧૯, ત્રીજોમાળ, ડો. જીવરાજમહેતાભવન, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી,(સા.ન્યા.),નાણાવિભાગ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગારઅનેહિસાબીઅધિકારીશ્રી, ગાંધીનગર.

- સેક્શનઅધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ, સામાજિકન્યાયઅનેઅધિકારીતાવિભાગ – વિભાગનીવેબસાઇટપરમુકવાનીવિનંતીસહ.
- સિલેક્ટફાઈલ.

# જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા ભરવાની વિગતોનુ ફોર્મ

બાળકનો ફોટોગ્રાફ
અહીં ચોંટાડવો

પ્રતિ,
જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી,
જિલ્લા બાળ સુરક્ષા એકમ,
જિલ્લાનુ નામ.............

૧. બાળકનું નામ .........................................પિતાનું નામ ............................................ અટક ............................................

૨.સ્ત્રી\પુરુષ/ત્રીજી જાતિ ............................... ૩. જન્મ તારીખ..................ઉ.વ. ................ધર્મ ...............................

૪. અભ્યાસ ધોરણ ................................. શાળાનું નામ ...........................................................................

૫. જાતી.: અનુસુચિત જાતિ/ અનુસુચિત જન -જાતિ/ સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત / અન્ય

( જે લાગુ પડતું હોય ત્યાં √'નું નિશાન કરો )

૬. બાળકનાં માતા-પિતા/વાલીની વિગત

(૧) માતા-પિતા/વાલીનું પુરેપુરુ નામ.......................................................................................................

(૨) જો માતા-પિતા/વાલી મૃત્યુ પામેલ હોય તો મરણની તારીખ
:..........................................................................................................................................

(૩) અરજદાર નું પુરેપુરુ સરનામું:.................................................................................................

(૪) અરજદારનો બાળક સાથેનો સંબંધ :..........................................................................................

(૫) અરજદારનો વ્યવસાય :..................................................................................................................

(૬) અરજદારની ઉંમર:.................................... મોબાઈલ નં :............................................................

૭. અરજદાર અથવા બાળકના બેંક ખાતાની વિગત

| બેંક નું નામ | શાખા | ખાતા નં. | IFSC CODE | બાળકનું આધાર કાર્ડ નં. |
|---|---|---|---|---|
| | | | | |

૮. અરજદારની કુટુંબની વિગત

| ક્રમ | સભ્યનું નામ | બાળક સાથેનો સંબંધ | ઉંમર વર્ષ | અભ્યાસ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

તારીખ :

વાલીની સહી/ અંગૂઠાનુ નિશાન

સ્થળ :